# ૨૦ ઓગષ્ટ –૨૦૧૬ (શનિવાર)

**(૧) હેમુભાઇ ગઢવી – લોકનાયક**

- લોકગાયક હેમુભાઇ ગઢવીની આજે ડામી પૂણ્યતિથિ છે.
- ૧૯૬૫માં ૨૦મી ઓગસ્ટે માત્ર ૩૬ વર્ષની ઉંમરે મહાપ્રસ્થાન કરી જનાર હેમુભાઇ ગઢવી લોકસાહિત્ય, લોકસંગીતનું નક્ષત્ર બનીને ઝળહળી રહ્યાં છે.
- તેમનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના ઢાંકણીયા ગામે વર્ષ ૧૯૨૯માં થયો હતો.
- તેમની ૫૧મી પૂણ્યતિથિ નિમિત્તે તેમના જન્મસ્થળ ઢાંકણીયા ગામે ગુજરાત સરકાર દ્વારા લોકગાયકશ્રી હેમુગઢવી જન્મભૂમિ સ્મારકનું લોકાર્પણ કરવામાં આવ્યું.
- તેમના જૂનવાણી મકાનને તેજ સ્વરૂપમાં ઉભુ કરીને કાયમી સ્મારક બનાવવવામાં આવ્યું છે. જેને ''હેમતીર્થ'' નામ આપ્યુ છે.
- હેમ તીર્થ ખાતે હેમુ ગઢવીના જીવન પરનો શોર્ટ ફિલ્મ પ્રદર્શિત કરવા વિઝ્યુઅલ સેન્ટર હશે.
- ચાહકો હેમુગઢવીની કૃતિઓ સાંભળી શકે તે માટે ઓડિયો બુથ
- ફોટોગ્રાફ્સ, હસ્તાક્ષર જેવી યાદગીરીની ચીજ વસ્તુઓ માટે પ્રદર્શન હોય.

**(૨) ઓલિમ્પિકમાં ભારતને સિલ્વર મેડલ :**

- ભારતની બેડમિન્ટ ક્વિન પી.વી.સીંધુએ રિયો ઓલિમ્પિકમાં મહિલા બેડમિન્ટન સિંગલ્સમાં સિલ્વર મેડલ જીતી ઇતિહાસ રચ્યો.
- રિયો ઓલિમ્પિકમાં ભારતનો આ પ્રથમ સિલ્વર મેડલ હતો.
- પૂસાલૉ વેંકટા સિંધુનો 'ગોલ્ડ' માટેની ફાઇનલ મેચમાં સ્પેનની કેરોલીની મારી સામે પરાજય થયો.
- પી.વી.સીંધુ ઓલિમ્પિકમાં મેડલ જીતનારી સૌથી ઓછી વયની ભારતીય મહિલા ખેલાડી બની.
- સિંધુએ ૨૧ વર્ષની ઉંમરે સિલ્વર મેડલ જીત્યો, આ પહેલા લંડન ઓલિમ્પિકમાં વર્ષ ૨૦૧૨માં સાઇના નેહવાલે ૨૨ વર્ષની ઉંમરે બ્રોન્જ મેડલ જીત્યો હતો.
- પી.વી.સિંધુનો જન્મ ૫ જુલાઇ ૧૯૯૫ના રોજ હૈદરાબાદ, તેલંગણા ખાતે થયો હતો.
- કોચ : પુલેલા ગોપીચંદ
- સિંધુએ સિલ્વર મેડલ જીતતા તેને અલગ અલગ રાજ્ય તથા સંઘ દ્વારા ઇનામની જાહેરાત કરી જે નીચે મુજબ છે.

| | |
|---|---|
| તેલંગણા સરકાર – | પાંચ કરોડ |
| હરિયાણા સરકાર | ચાર કરોડ |
| દિલ્હી સરકાર | ૫૦ લાખ |
| ભારતીય રેલવે | ૭૫ લાખ |
| ઇન્ડિયન ઓલિમ્પિક એસો. | ૩૦ લાખ |
| ઇન્ડિયન બેડમેન્ટિન એસો. | ૫૦ લાખ |
| ભારતીય ફૂટબોલ ફેડરેશન | ૫ લાખ |
| સલમાન ખાન | ૧ લાખ ૧ હજાર |

આ ઉપરાંત અન્ય ઘણી સંસ્થા તેમજ ઉદ્યોગપતિઓ દ્વારા ઇનામભની જાહેરાત કરાઈ છે.

**(૩) નરસિંહ યાદવ – કુસ્તી : ભારત**

- નરસિંહ યાદવ પર ચાર વર્ષનો પ્રતિબંધ
- ઓલિમ્પિક અગાઉ બે વખત ડોપ ટેસ્ટમાં નિષ્ફળ રહ્યા બાદ ભારતની એન્ટી ડોપીંગ એજન્સી પાસેથી ક્લિનચીટ મેળવી નરસિંહ યાદવ રિયો ઓલિમ્પિકમાં ભાગ લેવા પહોંચ્યો હતો.
- ત્યારબાદ વિશ્વ ડોપિંગ નિવારણ એજન્સી (વાડા) દ્વારા નરસિંહને અપાયેલી ક્લિન ચીટ વિરૂદ્ધ સ્પોર્ટસ મધ્યસ્થી કોર્ટમાં અપીલ કરાઇ
- લુસાન સ્થિત કોર્ટ ઓફ આર્બિટ્રેશન ફોર સ્પોર્ટસમાં ચાર કલાક સૂધી સુનવણી ચાલ્યા બાદ નરસિંહ યાદવ પર ચાર વર્ષનો પ્રતિબંધ લદાયો

**(૪) ઉસેન બોલ્ટ : દૌડવીર**

- જમૈકન એથ્લીટ ઉસેન બૌલ્ટે ૧૦૦ મીટર બાદ ૨૦૦ મીટરમાં પણ સતત ત્રીજી વખત ગોલ્ડ મેડલ જીત્યો.
- સતત ત્રણ ઓલિમ્પિક્સમાં ૧૦૦ અને ૨૦૦ મીટરમાં ગોલ્ડમેડલ જીતનારો દુનિયાનો પ્રથમ ખેલાડી બન્યો.
- બોલ્ટની આ સિદ્ધિ સાથે તેના ઓલિમ્પિકના કુલ આઠ ગોલ્ડ મેડલ થયા